||ૐ શ્રી સાઈરામ ||

||ૐ શ્રી સાઈ અભયપ્રદાય નમ: || (૨૭).

## સંસારમાંના દુ:ખમાંથી નિર્ભય કરીને અભય પ્રદાન. કરવાવાળા

## શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

રામાયણમાં પ્રભુ રામચંદ્રએ ભક્તોને એક વચન આપ્યું છે. તેમાં તે કહે છે- 'અભયં સર્વભૂતેભ્યો દદામ્યેતદ્ વ્રતં મમ| ' અર્થાત 'હું બધાને (સર્વ પ્રાણીમાત્ર) ભય માથી મુકત કરીશ. એવો મારો સંકલ્પ છે.'

આપણું સદભાગ્ય એ છે કે, આપણા પ્રભુ શ્રી સાઈરામ પણ આપણને એવું જ અભય આપે છે. ભક્તો ને ભગવાનના વિવિધ રૂપ મોહમાં નાખે છે. પરંતુ, તેમને સર્વાધિક ગમનારું ભગવાનનું રૂપ એટલે અભયહસ્ત દર્શાવનારું. કારણકે આ રૂપ તરફ જોવાથી ભક્તોને આ સંસાર રૂપી ભવસાગરમાંથી તરી જવાનું બળ પ્રાપ્ત થાય છે અને તેઓ નિશ્ચિંત થાય છે.

સ્વામીના અનેક છાયાચિત્રમાં આપણે તેમને આશીર્વાદ આપતા જોઈએ છીએ. આ જ અભયહસ્ત આપણને બધાને સ્વામીનું કૃપાછત્ર હંમેશાં આપણા ઉપર છે તેનું સ્મરણ કરાવે છે.

આ'અભયહસ્ત ' ની એક સુંદર કથા. ચેન્નઈમાં એકવાર સ્વામીનું પ્રવચન ચાલુ હતું. સંપૂર્ણ મંડપ ભક્તોથી ભરાઈ ગયો હતો. બધા લોકો સ્વામીનું દિવ્ય દર્શન કરવામાં અને પ્રવચન સાંભળવામાં મગ્ન હતા. એટલામાં જ ભક્તોમાં બેઠેલી એક સ્ત્રીના ખોળામાં બેઠેલા લગભગ એક વર્ષના બાળકે રડવાનું શરૂ કર્યું. તેની માતાને કાંઈ જ સમજાતું નહોતું કે આ આમ અચાનક કેમ રડે છે? તેણે તેને શાંત કરવાનો પ્રયત્ન કર્યો પણ વ્યર્થ. શાંત થવાને બદલે તે અધિક જ મોટેથી રડવા લાગ્યો. તેનાથી કેવળ આજુબાજુના જ નહીં, પણ સભાગૃહમાંના બધાની એકાગ્રતા ભંગ થઈ અને સ્વામીના ઉપદેશનો રસાસ્વાદ લેવો અશક્ય થઈ ગયો.

એટલામાં જ સ્વામીએ મંચ ઉપરથી, પોતાનું પ્રવચન ચાલુ રાખતા જ સ્મિત કરીને તે બાળકની દિશામાં જોયું અને અભય હસ્ત કરીને ક્ષણવારમાં હાથની મુઠી જોરથી બંધ કરી લીધી. તે જ ક્ષણે તે બાળકનું રડવાનું બંધ થયું. પ્રવચન ચાલુ જ હતું. છેલ્લે સ્વામી બાજુમાં ઊભા રહેલા

અનુવાદકને ઉદ્દેશીને બોલ્યા-'તે બાળકના ગળામાં ૨૫ પૈસાનો સિક્કો અટક્યો હતો. આ જુઓ, મેં તે કાઢયો છે" આમ કહીને સ્વામીએ પોતાની મુઠી ખોલીને બતાવી. તેમાં એક ૨૫ પૈસાનો સિક્કો હતો. આ જોતા જ તે અનુવાદકે મંચ ઉપરથી અત્યાનંદમાં આ હકીકત જાહેર કરી અને સમસ્ત ભક્તગણોએ તાળીઓના ગડગડાટ કર્યો

અહીંયાં એક મહત્વની બાબત ધ્યાનમાં લેવી જોઈએ કે તે બાળક માતાના ખોળામાં બેઠેલું હોવા છતા તેના ધ્યાનમાં આ વાત ન આવી તેથી તેણે પોતાના બાળકને બચાવવા માટે સ્વામીની પ્રાર્થના પણ નહોતી કરી અને આટલું નાનું બાળક કે જેને કાંઈ જ સમજાતું પણ નહોતું તેનો તો પ્રશ્ન જ નહોતો. પરંતુ, ભક્તોને અભય પ્રદાન કરવાવાળા સ્વામીથી કોઈ વાત છૂપી રહી શકે છે?

||ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||